| | | | |
|---|---|---|---|
| GJAR040002632026 | | કેસ દાખલ થયાની તા. | ૦૨/૦૩/૨૦૨૬ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૨/૦૩/૨૦૨૬ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૧૬/૦૭/૨૦૨૬ |
| | | સમયગાળો:વર્ષ:૦૦ ,મહિનો–૦૪ ,દિવસ–૧૪ | |

---

**મેઘરજ તાલુકાના મહેરબાન એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ**

---

**ક્રિમીનલ કેસ નંબર– ૨૦૩/૨૦૨૬**
**આંક–**

---

**ફરીયાદી:** શ્રી સરકાર
મેઘરજ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૭૨૫૦૨૯૬/૨૦૨૫

**વિરુધ્ધ**

**આરોપીઓ:** (૧)હિતેન્દ્રસિંહ પોપટસિંહ સોલંકી
રહે.આમોદરા,સોલંકી ફળીયુ, તા.બાયડ, જી.અરવલ્લી

---

**ગુન્હો:– ગુજરાત પ્રોહીબિશન અધિનીયમની કલમ – ૬૫ (એ.ઈ.) મુજબ**

---

ફરિયાદ પક્ષ તરીકે વિ.એ.પી.પી.શ્રી.એ.એન.સૈની
બચાવપક્ષ તરીકે વિ.વ.શ્રી.બી.કે.રાઠોડ

---

**–: જજમેન્ટ :–**

(૧) આ કામના ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, કોલમ નં–૧ માં જણાવેલ આરોપીઓએ મોજે. રાજસ્થાન સરથુણા ગામથી

કાલીયાકુવા ગામ તરફ આવતા પાકા રસ્તા ઉપર કાલીયાકુવા ગામની સીમમાં ગઈ તા–૧૧/૦૫/૨૦૨૫ ના રોજ ક.૨૨/૪૫ વાગે આ કામના સીલ્વર કલરની હોન્ડા કંપનીની સાઈન મો.સા.નં.GJ 09 CK 6972 ના ચાલકે પ્રોહી પ્રતીબંધક એરીયામાં પોતાના કબજાની મો.સા. ઉપર એક મેણીયાની થેલીમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારુના ઑરેન્જ દેશીમદીરા ના ૧૮૦ મીલીના કાચના ક્વાટરીયા નંગ.કુલ.૮૬ જેની કિ.રૂ કિ.રૂ.૮૬૦૦/– નો તથા મેજીક મોમેન્ટ વોડકાના ૧૮૦ મીલીના કાચના ક્વાટરીયા નં.૨૭ જેની કિ.૩ ૫૪૦૦/– નો ભરી લઈ આવી પોલીસની નાકાબંધી જોઈ પોતાના કબજાની મો.સા જેની કિ.રૂા.૩૦,૦૦૦/–ની મળી કુલ કિ.રૂા.૪૪૦૦૦/– નો મુદામાલ રોડની સાઈડમાં મુકી દઈ નાસી જઈ ગુન્હો કર્યા બાબતે. આરોપી વિરૂધ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમ : ૬૫ (એ.ઈ.) મુજબના ગુના સબબતું ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) સદર કેસના સમન્સની આરોપી ઓ ને કાયદેસરની બજવણી થઈ જતા તેમના વિ. વકીલશ્રી મારફત હાજર થયેલ છે. ત્યારબાદ ક્રિ.પ્ર ો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ આરોપીને મળી ગયા અં ગેની ખાત્રી આંક–૧ લગત કરેલ છે. ત્યારબાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક– ૦૫ થી આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી આં ક– ૦૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમણે ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી ઓ સામેનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબના પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**<u>// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //</u>**

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી ધર્મેન્દ્રકુમાર કાવાભાઈની જુબાની | ૧૦ |
| ૦૨ | ફરીયાદ | ૧૧ |

| | | |
|---|---|---|
| ૦૩ | પંચ સાહેદ આશીફહુશેન મેહમુદભાઈ શેખની જુબાની | ૧૨ |
| ૦૪ | પંચનામુ | ૧૩ |
| ૦૫ | ત.ક.અ. મહેન્દ્રસિંહ વિનયસિંહની જુબાની | ૧૪ |

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો હોય, આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા તેઓ સામે ખોટી ફરીયાદ કરેલી હોવાનુ અને પોતે ર્નિદોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની દલીલ પર રાખવામાં આવેલ છે.

(૫) કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, સદર કામના આરોપી ઓ એ ધી પ્રોહી. એકટની કલમ– ૬૫ (એ.ઈ.) મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–:કારણો:–**

(૭) આ કામે આંક–૧૨ થી પંચસાહેદ આશીફહુશેન મેહમુદભાઈ શેખ નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદ પંચનામામાં

તેઓની સહી ઓળખી બતાવેલ છે પરંતુ ઉલટતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલી અને તે સીવાય બીજુ કંઇ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી સદર પંચ સાહેદની વિરોધાભાષ જુબાની રેકર્ડ પર આવવા પામેલ છે જેથી સદર પંચ સાહેદની જુબાની શંકારહીત માનવાપાત્ર રહેતી નથી. વધુમાં, તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્ર ાહય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. આંક– ૧૩ થી પંચનામાને રજુ કરવામાં આવેલ છે. જે ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

ત્યારબાદ આ કામનાં ફરીયાદી ધર્મેન્દ્રકુમાર કાવાભાઈને આંક –૧૦ થી તપાસેલ છે.તેમણે આંક–૧૧ થી ફરીયાદ રજુ રાખેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, સરથુણા ગામ રાજસ્થાનની સરહદ ઉપર આવેલુ છે. એ વાત ખરી છે કે, પંચોના નામ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, અમારે ઉપર અધિકારીની સુચના મુજબ પ્રોહીના કેસો કરવા પડે છે. એ વાત ખરી છે કે,આરોપીના ઓળખના પુરાવા અમોએ સ્થળ ઉપર તપાસેલા નથી. એ વાત ખરી છે કે મળી આવેલ બાઈકની માલીકીના પુરાવા અમોએ સ્થળ ઉપર ચકાસેલા નથી. એ વાત ખરી છે કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી છે કે,મળી આવેલ બોટલો સીલં બધ હતી. એ વાત ખરી છે કે,એફએસએલ રીપોટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય કામગીરી બતાવવા આરોપી ઉપર ખોટો કેસ કરેલ. એ વાત

ખરી  નથી કે,સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ.

ત્યારબાદ આ કામનાં ત.ક.અ મહેન્દ્રસિંહ વિનયસિંહ ને આંક –૧૪ થી તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસ માં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે, સરથુણા ગામ  રાજસ્થાનની સરહદ ઉપર આવેલુ છે.  એ વાત ખરી છે કે, પંચોના નામ ફરીયાદમાં લખાવેલ નથી.   એ વાત ખરી   નથી કે, અમારે ઉપર અધિકારીની સુચના મુજબ પ્રોહીના કેસો કરવા પડે છે.  એ વાત ખરી  છે કે, આરોપી સ્થળ ઉપરથી પકડાયેલ નહી.  એ વાત ખરી છે કે મળી આવેલ બાઈકની માલીકીના પુરાવા અમોએ સ્થળ ઉપર ચકાસેલા નથી કે પં ચનામાની રુએ કબજે કરેલ નથી. એ વાત ખરી  છે કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી  છે કે,મળી આવેલ બોટલો સીલં બધ હતી.  એ વાત ખરી  છે કે,એફએસએલ રીપોટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. એ વાત ખરી છે કે આ કામે કોઈ એફ.એસ.એલ રીપોર્ટ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામના ફરીયાદી અમારા પો.સ્ટાફના હાથ નીચેના કર્મચારી છે. એ વાત ખરી છે કે મે કોઈ સ્વતત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે, બીનવારસી મુદ્દામાલ મળી આવેલ હોય કામગીરી બતાવવા આરોપી ઉપર ખોટો કેસ કરી ખોટી રીતે અટક કરી પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી  નથી કે,સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ.

આ કામે પડેલ પુરાવો તથા ફરીયાદી તથા પંચની જુબાની  ધ્યાનમાં લેવામાં આવે તો, આ કામે પંચ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતાં નથી. જયારે આ કામે ફરીયાદીએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

એ વાત ખરી છે કે, સરથુણા ગામ રાજસ્થાનની સરહદ ઉપર આવેલુ છે. એ વાત ખરી છે કે, પંચોના નામ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે,આરોપીના ઓળખના પુરાવા અમોએ સ્થળ ઉપર તપાસેલા નથી. એ વાત ખરી છે કે મળી આવેલ બાઈકની માલીકીના પુરાવા અમોએ સ્થળ ઉપર ચકાસેલા નથી. એ વાત ખરી છે કે,ગણીવાર બિનવારસી મુદ્દામાલ મળી આવતો હોય છે. એ વાત ખરી છે કે,મળી આવેલ બોટલો સીલંબધ હતી. એ વાત ખરી છે કે,એફએસએલ રીપોટ સીવાય સીલબંધ બોટલમા શુ હતુ તે ચોકકસ કહી ના શકાય. વધુમાં આ કામે ઉપરોકત સંજોગો ધ્યાને લેતા\ SATHISH MEHRA VS DELHI ADMINISRATION 96 (3) CRIMES,85 નાં ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય, ત્યારે બાકીના સાહેદોને તપાસવાની Formality પુરી કરવાની જરૂર નથી. અને વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે એવુ પણ નિરીક્ષણ કરેલ છે કે, when Judge is fairy certain that there is no prospect of case ending in conviction valuable time of Court should not be wasted for holding a only for proposes of formally completing the proposes to provision the conclusion on future date. વધુમાં જયારે વિદેશી દારૂ હોય ત્યારે દરેક બોટલો ઉપર પંચોની સહી લેવી જોઈએ. જો દરેક બોટલ ઉપર પંચોની સહી લેવામાં આવેલ ન હોય, ત્યારે **જી.એલ.આર. ૧૯૯૧(૧) પેજ નં. ૪૪૩ (ધીરજલાલ ગાંડાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત)** ના ચુકાદામાં નામ.હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ બોમ્બે પ્રોહી. કલમ–૧૧૬(બી) મુજબનુ અનુમાન કરી શકાય નહીં. વધુમાં પ્રોહી.કલમ–૧૧૬ (બી) મુજબ જયારે આરોપીઓ પાસેથી નામી બ્રાન્ડની બોટલો મળી આવેલ હોય, ત્યારે પૃથ્થકરણની જરૂરીયાત રહેતી નથી. પરંતુ તે માટે પંચોની સહીવાળી કાપલી ધ્વારા બોટલો શીલ કરવી જોઈએ અને જો

તે રીતે શીલ કરવામાં આવેલ ન હોય અને પંચોએ ફરીયાદપક્ષને સમર્થન કરેલ ન હોય, પ્રોહી.કલમ–૧૧૬(બી) મુજબનું અનુમાન થઈ શકે નહી. વધુમાં આવા પ્રકારના ગુનામાં ફરીયાદપક્ષે કઈ–કઈ હકીકત પુરવાર કરવી પડે તે અંગે નામ.હાઈકોર્ટ **૧૯૯૨(૨) જી.એલ.એમ.(યુ.જે.૨૦) ગુલાબ રણછોડ વિ.ગુજરાત રાજ્ય** ના કેસમાં નીચે મુજબના તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા પડે,

૧) આરોપીના કબ્જામાંથી શીલબંધ બોટલો મળી આવેલ,

૨) આવી શીલબંધ બોટલો ઉપર કંપનીનું અસલ લેબલ હતુ,

૩) આવુ લેબલ જાણીતી દારૂની બ્રાન્ડનુ તેમાં વ્હીસ્કી, બ્રાન્ડી દર્શાવતુ હોવુ જોઈએ. અને તેના ઉપર ઉત્પાદકનું નામ દર્શાવેલ હોવુ જોઈએ.

આમ, ઉપરોકત પરીપેક્ષમાં આ કેસમાં મૂલ્યાંકન કરતા જોઈએ તો, બોટલો કઈ બ્રાન્ડ ની હતી તથા તે બોટલ ઉપર કંપનીનું નામ જણાવવામાં આવેલ હોય તેવુ તથા સદરહુ બોટલોનું શીલ અસલ હોવા બાબતે કોઈ વેરીફીકેશન કરવામાં આવેલ હોય તેવુ તથા તે બોટલની કંપનીના કોઈ અધિકારીનું નિવેદન લેવામાં આવેલ હોય તે બાબતે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, આરોપીના સભાન કબ્જામાંથી દારૂ મળી આવેલ હોય તેવો પુરાવો ફરીયાદપક્ષે નિ:શંકપણે રજુ થયેલ નથી. આમ, ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આ હકીકત ફરીયાદપક્ષે સાબિત કરવી જોઈએ, જે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે કે, મુદ્દામાલ બોટલો કંપની શીલપેક લેબલવાળી શીલબંધ હતી અને બોટલોમાં પ્રતિબંધિત કેફી પીણુ હતુ. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખીને આરોપીઓને સજા કરી શકાય

નહીં. આમ, આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ મહત્વનો પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ઉપરોકત સંજોગો અને હકીકતોને ધ્યાનમાં લેવામા આવે તો ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ તેમ ન હોય તેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>-: આખરી હુકમ :-</u>**

**(૧)** આ કામે મેઘરજ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૭૨૫૦૨૯૬/૨૦૨૫ ના કામે(૧)હિતેન્દ્રસિંહ પોપટસિંહ સોલંકી, રહે.આમોદરા,સોલંકી ફળીયુ, તા.બાયડ, જી.અરવલ્લીનાઓને ક્રિ.પ્ર ો. કોડની કલમ ૨૪૮ (૧) હેઠળ પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ (એ.ઈ.) મુજબનાં સજાને પાત્ર ગુન્હાંમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો, તે કાયમ કરવામાં આવે છે અને તેમાં મુકેલ શરતો અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ વાહન સંબંધે કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલ વાહન અપીલ સમય બાદ નીયમોનુસાર મુળ માલીકની ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૨.૧)** આ કામે કબજે કરેલ મુદૃામાલ ઈંગ્લીશ દારૂ સેન્ટ્રલ એકસાઈઝ કચેરી, મોડાસાને નિયમોનુસાર યોગ્ય નિકાલ અર્થે અપીલ સમય બાદ મોકલી આપવો.

(૩) આરોપીઓએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ હુકમ આજ તારીખ– ૧૬ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરીને જાહેર કરવામાં આવ્યો.

| | |
|---|---|
| **તા. ૧૬/૦૭/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |